---

**મહે. અધિક ચીફ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ નખત્રાણા સમક્ષ,**
**મુ. : નખત્રાણા–કચ્છ.**

---

**ફો.કેસ.નં.૪૧૮/૨૦૧૮**
**આંક:**

**શ્રી સ ર કા ર** **::::: ફરીયાદી.**

// વિ રૂ ઘ્ઘ //

(૧) **રમજાન અલી શેરમામદ જુણેજા**
ઉ.વ.૨૨, રહે : મમફતનગર સુખપર,
તા.ભુજ–કચ્છ.

(૨) **સતુભા સુલતાનસિંહ જાડેજા,**
ઉ.વ.૨૩, રહે : હનુમાનમંદિર પાસે જયનગર ભુજ.

(૩) **કુલદિપસિંહ ખીમજીભાઈ સોઢા,**
ઉ.વ.૨૦, મુળ રહે : વેડહાર, તા.નખત્રાણા,
હાલ રહે : હરસિઘ્ધનગર રાવલવાડી, તા.ભુજ.

(૪) **કુલદિપસિંહ મુળજી સોઢા,**
ઉ.વ.૨૫, રહે.વેડહાર તા.નખત્રાણા–કચ્છ. **::::: આરોપીઓ**

---

ગુન્હો **:– ઈ.પી.કો કલમ– ૩૯૪,૩૯૭,૩૬૫,૩૨૩,૧૧૪ તથા જી.પી.એકટ કલમ:૧૩૫ મુજબ**

---

ફરિયાદપક્ષ તરફે : એ.પી.પી.શ્રી.એન.જે.પુજારા
બચાવપક્ષ તરફે : વિધ્વાન વકીલ શ્રી આર.જી.જયપાલ

---

## **:: કમીટલ હુકમ ::**

**[1]** આ કામનાં ઉપરોકત આરોપીઓ સામે ઈ.પી.કો કલમ–૩૯૪, ૩૯૭, ૩૬૫, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ : ૧૩૫ મુજબના ગુન્હો કર્યાનું ફરીયાદપક્ષ તરફથી અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

**[2]** આ કામે આરોપીઓ હાલે જામીન મુકત છે.આરોપીઓ મુદતે આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીઓને સદરહુ કામનાં પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે અને આરોપીનો જવાબ રેકર્ડ કરતાં તેઓએ નકલો મળ્યાનું તેમજ નામદાર સેશન્સ કોર્ટ, ભુજ–કચ્છ મધ્યે આરોપીઓ ખાનગી વકીલ રોકવા માગતા હોવાનું જાહેર કરેલ છે

**[3]** આ કેસમાં આરોપીઓ સામે મુકવામાં આવેલ તહોમત ઈ.પી.કો કલમ– ૩૯ ૪, ૩૯૭, ૩૬૫, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ : ૧૩૫ મુજબના ગુન્હા સબબ નું હોઈ, સદરહુ ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટેની સત્તા કેવળ નામદાર સેશન્સ કોર્ટને રહેલી હોઈ અને આ કેસ ચલાવવા અત્રેની અદાલતને હકૂમત પહોંચતી ન હોઈ જેથી સદરહુ કેસ નામદાર સેશન્સ કોર્ટ, ભુજ – કચ્છ મધ્યે કમીટ કરવાનો રહે છે. સબબ ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## **:: હુકમ ::**

[1] આ કામના આરોપીઓનો કેસ ક્રિ.પ્રો.કોડની કલમ : ૨૦૯ (૧) અન્વયે નામદાર સેશન્સ કોર્ટ, ભુજ –કચ્છ ને કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

[2] આ કેસનું તમામ રેકર્ડ તથા મુદામાલ નામદાર સેશન્સ કોર્ટ, ભુજ–કચ્છ મધ્યે મોકલી આપવું.

[3] સદરહુ કેસ કમીટ કર્યા અંગેની જાણ જીલ્લા સરકારી વકીલશ્રી, ભુજ–કચ્છને કરવી.

[4] આ કામના આરોપીઓને તારીખ: ૨૦/૦૬/૨૦૨૬ નાં રોજ સવારે ૧૦.૩૦ કલાકે નામદાર સેશન્સ કોર્ટ, ભુજ–કચ્છ સમક્ષ હાજર રાખવાની જાણ કરવામાં આવેલ છે.

હુકમ આજરોજ તારીખ: ૨૦મી, માહે:મે, સને:૨૦૨૬ ના રોજની ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

**તા: ૨૦/૦૫/૨૦૨૬**
**નખત્રાણા – કચ્છ.**

**( એ.ડી.રાવ )**
**એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**નખત્રાણા– કચ્છ.**
**GJ01480**